# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/094 Dt. 11/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ટેક્ષ્ટાઇલ માટે પીએલઆઈ યોજનાની વિંડો ફરી શરૂ થયાને ચેમ્બરનો આવકાર

### એમએમએફ ઉત્પાદકો માટે હજી ૩૧મી ઓગષ્ટ સુધી અરજી કરવાની તકઃ શ્રી નિખિલ મદ્રાસી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું કે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના હિતધારકો અને ચેમ્બરની વિનંતીને પગલે કેન્દ્રીય ટેક્ષ્ટાઇલ મંત્રાલયે ઉત્પાદન સાથે સંલગ્ન પ્રોત્સાહન યોજના (પીએલઆઈ) હેઠળ નવી અરજીઓ મગાવવાનું નક્કી કર્યું છે અને એ મુજબ પોર્ટલ ફરી શરૂ થયું છે અને ઉદ્યોગકારો તા. ૩૧મી ઓગષ્ટ સુધી અરજી કરી શકે છે.

ટેક્ષ્ટાઇલ માટેની પીએલઆઈ યોજનાની જાહેરાત ૨૦૨૧માં થઈ હતી અને રૂપિયા ૧૦૬૮૩ કરોડનાં બજેટની આ યોજનાનો ઉદ્દેશ મેન મેડ ફાયબર (એમએમએફ), એપેરલ અને ફેબ્રિકસના ઉત્પાદનને પ્રોત્સાહન આપીને ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીને વધારે સ્પર્ધાત્મક બનાવવાનો અને વધુ રોજગારી પેદા કરવાનો છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, અમેરિકાએ જાહેર કરેલ ૫૦% ટેરિફની વચ્ચે આ જાહેરાત થઈ છે. એમ.એમ.એફ.માં વિસ્કોસ, પોલિએસ્ટર, એક્રેલિકનો સમાવેશ થાય છે, જે રસાયણોમાંથી બનાવવામાં આવે છે. બીજી તરફ, ટેકનિકલ કાપડ એ નવા યુગનું કાપડ છે, જેનો ઉપયોગ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (પીપીઇ) કીટસ, એરબેગ, બુલેટપ્રૂફ વેસ્ટ્સના ઉત્પાદન માટે થઈ શકે છે અને તેનો ઉપયોગ ઉડ્ડયન, સંરક્ષણ, માળખાગત સુવિધાઓ જેવા ક્ષેત્રોમાં પણ થઈ શકે છે.

અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારે કાપડ માટે પી.એલ.આઈ. યોજના હેઠળ ૮૦ અરજદારોને મંજૂરી આપી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, સરકાર પી.એલ.આઈ. યોજના હેઠળ પ્રોત્સાહન તરીકે રૂપિયા ૫૦૦ કરોડની વહેંચણી કરવાનું લક્ષ્ય ધરાવે છે. પાંચ વર્ષમાં આ યોજના રૂપિયા ૧૯,૦૦૦ કરોડથી વધુના નવા રોકાણ તરફ દોરી જશે અને રૂપિયા ૭૫૦,૦૦૦થી વધુ નોકરીઓનું સર્જન કરશે તેવી અપેક્ષા છે.